RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૨૦ તા.૨૪–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી ઘનશ્યામભાઈ બાબુભાઈ રોકડ
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઘનશ્યામભાઈ બાબુભાઈ રોકડની તા. ૦૩–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) નાના વરાછા ગામતળની ખાડીનું પુરાણ કઈ તારીખે કરવામાં આવ્યું હતું અને સરકાર તરફથી પુરાણ કરવામાં આવ્યું હતુ કે ખાનગી માલિકો તરફથી અથવા મ્યુનિસીપલ કોર્પોરેશન તરફથી અને કયા હેતુ અંગે ખાડીનું પુરાણ કરવામાં આવ્યુ હતુ તેનો ખુલાસો કરીને લેખીત માહિતી આપવા આપ સાહેબશ્રીને મારી નમ્ર વિનંતી વિ. મુદ્દા નં.(૧)થી (૭)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૪–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૨૦/૨૦૧૧–૧૨

શ્રી ઘનશ્યામભાઈ બાબુભાઈ રોકડની તા. ૦૩–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) નાના વરાછા ગામતળની ખાડીનું પુરાણ કઈ તારીખે કરવામાં આવ્યું હતું અને સરકાર તરફથી પુરાણ કરવામાં આવ્યું હતું કે ખાનગી માલિકો તરફથી અથવા મ્યુનિસીપલ કોર્પોરેશન તરફથી અને કયા હેતુ અંગે ખાડીનું પુરાણ કરવામાં આવ્યુ હતુ તેનો ખુલાસો કરીને લેખીત માહિતી આપવા આપ સાહેબશ્રીને મારી નમ્ર વિનંતી વિ. મુદ્દા નં.(૧)થી (૭)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી માહિતી નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૭૪ તા.૧–૧૨–૧૧ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન) તથા અરજદારે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કોઈ માહિતી મળેલ છે કે કેમ ? મળેલ હોય તો કઈ બાબતે નારાજગી છે તે અપીલમાં જણાવેલ ન હોઈ મળેલ કિસ્સામાં તે આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.૫૨૪ તા.૧૫–૧૨–૧૧ માં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૫૨૪ તા.૧૮–૧૧–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, અરજદારને પત્ર પહોંચાડયાની પહોંચની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પુરક વિગત અત્રે મળેલ નથી.

અરજદારની તા.૩–૧૦–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતિ માંગતી અરજી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૨૪–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીમાં મુદ્દા નં.(૧) નાના વરાછા ગામતળની ખાડીનું પુરાણ કઈ તારીખે કરવામાં આવ્યું હતું અને સરકાર તરફથી પુરાણ કરવામાં આવ્યું હતુ કે ખાનગી માલિકો તરફથી અથવા મ્યુનિસીપલ કોર્પોરેશન તરફથી અને કયા હેતુ અંગે ખાડીનું પુરાણ કરવામાં આવ્યુ હતુ તેનો ખુલાસો કરીને લેખીત માહિતી આપવા . જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વરાછાઝોન ખાતે રેકર્ડ ઉપલબ્ધ નથી, તેનો ઉપયોગ કોણ કરી શકે તે માહિતી આર.ટી.આઈ. અંતર્ગત સમાવિષ્ટ નથી. તેવું સમય અવધિ બાદ પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૫૨૪ તા.૧૮–૧૧–૧૧ થી જણાવેલ. મુદ્દા નં.૨ નાનાવરાછા ગામતળની ખાડીનું પુરાણ કરાવ્યાબાદ આર.સી.સી. કરવામાં આવ્યું છે તે પણ શ્રી સરકાર તરફથી કરવામાં આવ્યું છે કે ખાનગી માલિકી તરફથી અથવા મ્યુનિસીપલ કોર્પોરેશન તરફથી અને કયા હેતુ અંગે આર.સી.સી. કરવામાં આવ્યું છે તે લેખીત માહિતી આપવા. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પ્રતયુત્તર આપેલ જણાતો નથી. મુદ્દા નં.૩ નાના વરાછા ખાડી પુરાણ કરી તેના ઉપર આર.સી.સી. બનાવી તે જગ્યા અને તેની સામે ફરતો કોટ મારવામાં આવેલો છે તે જગ્યાનો ઉપયોગ કોણ કરી શકે તેની લેખીત માહિતી આપવી અને તેની અંદર જગ્યામાં શેનું આયોજન કરવામાં આવ્યુ છે તેનો ખુલ્લાસો કરીને લેખીત માહિતી આપવા. મુદ્દા નં.૪ પ્રશનવાળી જગ્યાનો ઉપયોગ શ્રી સરકાર કરવાની કે ખાનગી માલિકો અથવા મ્યુ.કોર્પોરેશન કે જાહેર જનતા માટે તેનો ખુલાસો કરી લેખીત માહિતી આપવા. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશનવાળી જગ્યાની માલિકી સુ.મ.પા.ની ગણાય તથા એસ.એમ.સી. જે નકકી કરે તે મુજબ તેનો ઉપયોગ કરવાનો રહે. તેવું જણાવેલ. પરંતુ શેનું આયોજન છે તેની કોઈ માહિતિ આપેલ જણાતી નથી. મુદ્દા નં.૫ મ્યુ.કોર્પોરેશનના વેરાબીલમાં અને આકારણી દફતરે જે જગ્યાનું ક્ષેત્રફળ હોય તે ક્ષેત્રફળ પ્રમાણે પ્લાન પાસ કરવામાં આવે કે જે મુળ ક્ષેત્રફળ હોય તેના કરતા વધારે જગ્યામાં પ્લાન પાસ કરવામા આવે છે તેનો ખુલાસો કરીને માહિતી આપવા. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નિયમોનુસાર જી.ડી.સી.આર.ની જોગવાઈઓ પ્રમાણે પ્લાન મંજુરી અંગેની કાર્યવાહી કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ મ્યુ. કોર્પોરેશનના દફતરે આકારણી વેરાબીલનું માપ અને સીટી સર્વે સુપ્રી.શ્રી

ના રેકર્ડનું માપ અથવા ક્ષેત્રફળ એકજ જગ્યામાં બન્ને વિભાગનું માપ અથવા ક્ષેત્રફળ અલગ–અલગ હોય તો કઈ રીતે મ્યુ. કોર્પોરેશન ધ્વારા પ્લાન પાસ કરવામાં આવે તેનો ખુલાસો કરી લેખીત માહિતી આપવા. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નિયમોનુંસાર જી.ડી.સી.આર.ની જોગવાઈઓ પ્રમાણે પ્લાન મંજુરી અંગેની કાર્યવાહી કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૭ એસ.એમ.સી.ના દફતરે આકારણી વેરાબીલની અંદર સાફ ઉલ્લેખ કરેલો હોય લેન્ડ ગવર્નમેન્ટ અથવા લેન્ડ એસ.એમ.સી. અને કબજેદાર ખાનગી માલીકીનું અન્ય કોઈપણ નામ હોય અથવા સીટી સર્વે સુપ્રિ.શ્રી ના રેકર્ડમાં પણ શ્રી સરકાર અને કબજેદાર ખાનગી માલિકીનું અન્ય કોઈ પણ નામ હોય તો તેવો ઉલ્લેખ નકલની અંદર કરેલો હોય તો મ્યુનીસીપલ કોર્પોરેશન ધ્વારા પ્લાન પાસ કરવામાં આવે કે નહીં તેનો ખુલાસો કરી માહિતી આપવા. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નિયમોનુંસાર જી.ડી.સી.આર.ની જોગવાઈઓ પ્રમાણે પ્લાન મંજુરી અંગેની કાર્યવાહી કરવામાં આવે છે. તેવું જણાવેલ છે.

જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ માહિતીમાં મુદ્દા નં.૧ થી આપેલ માહિતીમાં મુદ્દા નં.૩ નો , મુદ્દા નં.૨ થી આપેલ માહિતીમાં મુદ્દા નં.૫ નો, તથા મુદ્દા નં.૬ ની માહિતીમાં મુદ્દા નં.૭ નો સમાવેશ થયેલ જણાય છે. પરંતુ મુદ્દા નં.૨ ની અરજદારની અરજીથી પુછેલ માહિતિનો પ્રત્યુત્તર પાઠવેલ જણાતો નથી. વધુમાં મુદ્દા નં.૫ અને ૭ માં જીડીસીઆરની જોગવાઈ મુજબ તેવો પ્રત્યુત્તર આપેલ છે. જોગવાઈ કલમ ૪(૧) બી હેઠળ સ્વયં જાહેર કરવા કક્ષાની માહિતિ છે તેથી તેવી પ્રસિધ્ધિ વેબ સંદર્ભ કે હવાલો આપવો રહે વિકલ્પે જોગવાઈ સ્પષ્ટ જણાવવી રહે.

જયારે અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કોઈ માહિતી મળેલ છે કે કેમ ? મળેલ હોય તો કઈ બાબતે નારાજગી છે તે અપીલમાં જણાવેલ ન હોઈ મળેલ કિસ્સામાં તે આધાર સહ સ્પષ્ટ કરવા જણાવેલ જે અંગે કોઈ સ્પષ્ટતા કરેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૩–૧૦–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ ની સંપુર્ણ તથા નં.૫ અને ૭ માં સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની સ્પષ્ટ માહિતિ આપેલ ન હોઈ તે તથા મુદ્દા નં.૪ ની આયોજનની વિગત ઉપલબ્ધ હોય તો તે પણ આરટીઆઈની કલમ–૭ (૬) હેઠળ વિનામુલ્યે અત્રેની જાણ હેઠળ દફતરી ઉપલબ્ધ માહિતિ અરજદારને પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.."

(પી.જે. ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન) .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ઘનશ્યામભાઈ બાબુભાઈ રોકડ,